**જુનાગઢના નામદાર ત્રીજા એડી. જયુડિ. મેજી. સાહેબની કોર્ટમાં, જુનાગઢ.**

**ફોજદારી કેસ નં. ૬૧૪૬/૨૨**

**<u>કબુલાત પુરસીસ અન્વયે હુકમ</u>**

(૧) હાલના કામના **આરોપી અર્જુનભાઈ મગનભાઈ મકવાણા** સામે **ધી બોમ્બે પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ ૬૬–૧–બી** હેઠળની ફરીયાદ કરવામાં આવેલ તથા તેની સામે પોલીસ ધ્વારા ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે.

(૨) આરોપી કોર્ટમાં હાજર થઈ, સ્વેચ્છીક કબુલાત આપવાનું કહેતા હોય, અને આરોપીની કબુલાત સ્વીકારી, કબુલાત પુરસીસ આપી ગુનો કબુલ હોવાનું જાહેર કરે છે

(૩) આરોપી પોતાની ગુના અંગેની કબુલાત પુરસીસથી જાહેર કરે છે કે તેઓ ગરીબ વર્ગના છે અને તેમના પર કુટુંબની જવાબદારી છે તથા તેમને ગુનાનશે પસ્તાવો છે અને તેને સુધરવાની તક મળવા અરજ કરેલ છે. વધુમા આ કબુલાત સ્વેચ્છીક હોય અને તેઓ આ કૃત્ય બદલ પારાવાર પસ્તાવો કરતા હોય અને હવે પછી આવુ કૃત્ય નહીં કરવાનું કબુલાત પુરસીસથી જાહેર કરે છે.

**હાલના કેસમાં કોર્ટ ધ્વારા નામદાર ગુંજરાત હાઈકોર્ટ ૨૦૦૫ (૧) જી. એલ. આર ૭૦૯, ગુજરાત સ્ટેટ વિરૂધ્ધ નટવરસિંહ હરચંદજી ઠાકોરનો ચુકાદો ધ્યાને લઈ તથા આરોપીના સંજોગો ધ્યાને લઈ તેને સુધરવાની તક આપી ન્યાયોચીત જણાતું હોય જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.**

**–: આખરી હુકમ :–**

હાલના કેસના **આરોપી અર્જુનભાઈ મગનભાઈ મકવાણા ને** ક્રિમિનલ પ્રોસીજર કોડ,૧૯૭૩ની કલમ ૨૫૨ હેઠળ ધી બોમ્બે પ્રોહીબીશન એકટ,૧૯૪૯ની **કલમ ૬૬–૧–બી** હેઠળ **રૂા.૨૦૦/–(અંકે રૂપિયા બસ્સો પુરા)**દંડનો હુકમ કરવામાં આવે છે અને આરોપી જો દંડની રકમ ના ભરે તો દિન–૨ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

પતા/દારૂ/નોન વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવો. રોકડ/વેલ્યુએબલ મુદ્દામાલ સરકાર ખાતે ખાલસા કરવો. વાહન/મોબાઈલનો વચગાળાના હુકમ થયા હોય તો એ હુકમ કાયમ રાખવો અને ન થયો હોય તો માલીકીની ખરાઈ કરીને પરત આપવો તથા આરોપીના બેલ બોન્ડ રદ્દ ગણવા તેમજ રોકડ જામીનગીરી અથવા જામીનદારે ભરેલ પેનલ્ટી સરકાર ખાતે ખાલસા કરવાનો આથી હુકમ કરવામા આવે છે.

આજરોજ તા. ૨૧ નવેમ્બર., ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં ઠરાવ જાહેર કર્યો.

તા.૨૧/૧૧/૨૨ ............................................

જુનાગઢ

**(ડી.પી.છાટબાર)**
**ચોથા એડી. જયુડી. મેજી. ફ.ક. જજ,**
**જુનાગઢ જી–જે–૦૧૪૨૬**

**એમ.એમ.નં...........થી તા.૨૧/૧૧/૨૨ ના રોજ રૂા............ દંડના વસુલ લીધા.**

**નાઝીર**
**ચીફ કોર્ટ**